અપીલ અરજી નં.૨૬૬ તા.૨૪–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદની તા.૪–૧૦–૧૦ ની અરજીથી (૧) બે મહીના પહેલા આર.સી. પટેલ સાહેબને લેખિત અરજી કરી રાણીતળાવ સ્થિત ૧૧/૨૫૨૯ "મસીરા" નામની પાંચ માળની બિલ્ડીંગ જે પ્લાન પાસ કરાવ્યા વગર આર.સી.સી. ની બાંધી દીધેલ તેની ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈન કાપી નાંખવા માટે અરજી કરેલ તો તમે શું પગલા લીધા, વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૪–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૬/૨૦૧૦–૧૧

શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદની તા.૪–૧૦–૧૦ ની અરજીથી (૧) બે મહીના પહેલા આર.સી. પટેલ સાહેબને લેખિત અરજી કરી રાણીતળાવ સ્થિત ૧૧/૨૫૨૯ "મસીરા" નામની પાંચ માળની બિલ્ડીંગ જે પ્લાન પાસ કરાવ્યા વગર આર.સી.સી. ની બાંધી દીધેલ તેની એની ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈન કાપી નાંખવા માટે અરજી કરેલ તો તમે શું પગલા લીધા, વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આ. ૧૦૯૫ તા.૧–૧૧–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૦ તા.૩૦–૧૧–૧૦ થી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં આરટીઆઈના નિયમ–૬ મુજબ મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત, તબદીલ કરેલ હોય તો તેનો પત્ર,જાહેર માહિતી અધિકારીનો હોદ્દો, ખાતા/વિભાગનું નામ તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી નકલ તથા નારાજગી અંગેના આધાર અને વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૬૦ તા.૧૩–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૯૫ તા.૧–૧૧–૧૦ ના પત્રની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ પૂરી પાડેલ છે. જયારે અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ પૂરી પાડેલ છે. પરંતુ અન્ય કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ બે મહીના પહેલા આર.સી. પટેલ સાહેબને લેખિત અરજી કરી રાણીતળાવ સ્થિત ૧૧/૨૫૨૯ "મસીરા" નામની પાંચ માળની બિલ્ડીંગ જે પ્લાન પાસ કરાવ્યા વગર આર.સી.સી. ની બાંધી દીધેલ તેની એની ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈન કાપી નાંખવા માટે અરજી કરેલ તો તમે શું પગલા લીધા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા ધ્વારા નિતી વિષયક નિર્ણય લઈ જે કોઈ મિલકતદારે વરગ પરવાનગીએ બિન અધિકૃત પાણીનું જોડાણ લીધું હોય તેવા કિસ્સામાં તેને નિયમબધ્ધ કરવાની જોગવાઈ કરેલ છે. આ નિયમ અંતર્ગત ડ્રેનેજ લાઈનનો પણ પરોક્ષ રીતે સમાવેશ કરેલ છે. જેના અનુસંધાને "મસીરા" નામની ઈમારતના વસવાટ કરતા તમામે સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી કરવામાં આવેલ ઉપરોકત નિતી અન્વયે વસુલાત પાત્ર તમામ ચાર્જીસ ભરપાઈ કરીને તેઓનું નળ જોડાણ નિયમ બધ્ધ કરેલ છે. " તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ શું બોમ્બે મ્યુનીસીપલ એકટ ૧૯૫૬ હેઠળ ગેરકાયદેસર અને પ્લાન પાસ કરાવ્યા વગર બાંધી દેવામાં આવેલી આરસીસી બિલ્ડીંગને ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈન કોર્પોરેશન ધ્વારા આપી શકાય ખરી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાનો સમગ્ર વહીવટ સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમમાં કરેલી જોગવાઈ મુજબ કરવામાં આવે છે. જેથી આપની અરજીમાં જણાવેલ બોમ્બે મ્યુ. એકટ ૧૯૫૬ હેઠળ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. " તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ શું ગેરકાયદેસર બિલ્ડીંગ બાબત જાણ કરવા છતાં એ પ્લાન પાસ કરાવ્યા વગર બંધાયેલી એપાર્ટમેન્ટને ડ્રેનેજ અને પાણીની લાઈન ચાલુ રાખતાં લાગતા વળગતા અધિકારીની ગુનાહિત પ્રવૃતિ કહેવાય કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાની મુદ્દા નં.૧ માં જણાવેલ નિતી અનુસાર પ્રસ્તુત કિસ્સામાં ડ્રેનેજ અને પાણીની લાઈન નિયમ બધ્ધ હોય કોઈ અધિકારી કે કર્મચારીની ગુનાહિત પ્રવૃતિ કહેવાય નહીં. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ જો આવી ગંભીર પ્રકારની ગુનાહિત પ્રવૃતિ કરતાં ઓફિસર વિરુધ્ધ કયા કાયદાકીય પગલા લઈ શકાય. અને શું ક્રિમીનલ કેસ પણ થઈ શકે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૪ ના જવાબમાં જણાવ્યાનુસાર કોઈ ગંભીર કે ગુનાહિત પ્રવૃતિ પ્રસ્તુત કિસ્સામાં થયેલ ન હોવાથી

કાયદાકીય પગલા ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતાં તમોને યોગ્ય લાગે તો આ બાબતે આગળની કાર્યવાહી કરી શકો છો. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ શું ૧૧/૨૫૨૯ વાળી મિલ્કતના ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈન કાપવા માટે આર સી. પટેલ જે ઈ.ચા. ઓફિસર છે તે પોતે મકાન માલિક સાથે મેળાપણી કરી પગલા ભરતાં નથી કે પછી કોઈ ઉચ્ચ અધિકારીના દબાણ હેઠળ પગલા લેવામાં આવતા નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૫ માં જણાવેલ બાબત અનુમાન પર આધારિત છે જેથી તે બાબતે કોઈ ટીકા ટીપ્પણી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ બોમ્બે મ્યુનીસીપલ એકટ હેઠળ કોઈ પણ મ્યુનીસીપલ કોર્પોરેશનનો અધિકારી ગુનાહિત પ્રવૃતિ પોતાની ફરજ દરમ્યાન કરે અને તે કસુરવાર કરે તો તેને નોકરી ગુમાવવાનો વારો આવે તો શું આર સી. પટેલ અમોને એમના આ ગુનાહિત પ્રવૃતિ બાબત કાયદાકીય કાર્યવાહી કરવા શું અમને રોકી શકે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ માં જણાવે બાબત અન્વયે જણાવવાનું કે કોઈ પણ મ્યુ. કર્મચારી કે અધિકારી કોઈ ફરજચૂક કરે તો તે અંગે સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમની કલમ–૫૬ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે સદરહુ અધિનિયમ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૨૪–૧૧–૧૦ ના રોજ સેન્ટ્રલઝોનના અધિકારીઓની ગુનાહિત પ્રવૃતિ બાબત હેઠળ ગેરકાયદેસર મિલકતને કાયદેસર ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈન કેવી રીતે આપી શકાય તેવો મુદ્દો ઉપસિથત કરી અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ડ્રેનેજ લાઈન અને પાણીની લાઈન નિયમબધ્ધ કર્યા અંગેનું અરજદારને જણાવેલ છે. તેમજ ગુનાહિત પ્રવૃતિ બાબતે પણ અરજદારે કોઈ આધાર કે પુરાવાઓ અપીલ તબકકે રજૂ કરવા તક આપવા છતાં અરજદાર સફળ રહેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પણ અપીલની પૂરક વિગતોમાં સદરહુ મિલ્કતના દરેક માળના માલિક/કબ્જેદારશ્રીઓએ વોર્ડ નં.૧૧ નોધ નં.૨૫૨૯ વાળી મિલ્કતના બિન અધિકૃત નળ જોડાણ કાયદેસર/નિયમબધ્ધ કરાવવા માટે તા.૨૭–૯–૧૦ અને તા.૧૪–૧૦–૧૦ ના રોજ કરેલ . જે અન્વયે ઝોન કચેરીએથી નિતી નિયમો મુજબ એટલે કે સક્ષમ સત્તા માસિક સાધારણ સભા ઠરાવ નં.૨૯૩/૧૦ તા.૨૮–૬–૧૦ મુજબ પ્રશ્નવાળી મિલ્કતની ઈમારતના ગ્રા.ફલોરથી પાંચમા માળ સુધીના સદરહુ ઠરાવમાં સુચવ્યા પ્રમાણે પ્રિમિયમ, પેનલ્ટી તથા અન્ય વસુલાત પાત્ર તમામ ચાર્જીસ ભરપાઈ કરીને નિયમબધ્ધ કરવામાં આવેલ છે. આ નિયમ અંતર્ગત ડ્રેનેજ લાઈનનો પણ પરોક્ષ રીતે સમાવેશ કરેલ છે. ઉપરોકત જણાવ્યા મુજબના ઠરાવની નકલ રૂા.૨/– પાના દીઠ એટલે કે કુલ રૂા.૪/– પાનાની અરજદાર તરફથી રૂા.૮/– ભરપાઈ કર્યેથી અરજદારને પાઠવી શકાશે તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ છે. સાથે પૂરક વિગતોમાં અરજદાર ઈચ્છુક હોય તો નિયત ફી ભરપાઈ કરી નિર્દિષ્ટ ઠરાવ જોગવાઈની નકલ પૂરી પાડવાની પણ તૈયારી દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો ઉપરોકત ફરીયાદ હકીકતમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ વિગતોમાં નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧–૧૧

ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી(સેન્ટ્રલઝોન ) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી સરવર હુસેન ગુલામ મોહમદ નગદ